**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**
**સમક્ષ**
**કેસ નં. એમ.જી. II-૨૮-૨૦૧૪-૧૫**

અરજદાર: રમેશભાઇ ભુતાભાઇ ડાભી
ગામ. માંકવા,
તા. મહેમદાવાદ, જી. ખેડા,

રજુઆત કરનાર: રમેશભાઇ ભુતાભાઇ ડાભી
ગામ. માંકવા,
તા. મહેમદાવાદ, જી. ખેડા,

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
પેટા-વિભાગીય કચેરી, મહેમદાવાદ ગ્રામ્ય.

રજુઆત કરનાર: શ્રી એમ. ડી. સોલંકી, જુનીયર ઇજનેર, એમજીવીસીએલ, મહેમદાવાદ પેટા-વિભાગીયકચેરી.

તા. ૨૪.૦૬.૨૦૧૪ ની ફરીયાદીની ખેતી વિષયક વીજ કનેક્શન મેળવવા માટેની અરજી બાબત.

તા. ૦૪.૦૭.૧૪ ના રોજ ફરિયાદી ગેરહાજર હતા ત્યારબાદ ૧૧.૦૭.૧૪ ના રોજ બીજી મુદતે હાજર રહેલ. તેમાં ફરિયાદીની ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની અરજી ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ સાંભળી. જેમાં ફરિયાદી તરીકે ફરિયાદી શ્રી રમેશભાઇ ભુતાભાઇ ડાભી તથા સામાવાળા તરફે શ્રી એમ. ડી. સોલંકી, જુનીયર ઇજનેર, એમજીવીસીએલ, મહેમદાવાદ પેટા-વિભાગીય કચેરી તરફથી હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા.

કેસની ટૂંકમાં વિગત નીચે મુજબ છે :

(૧) ફરીયાદીના પિતાશ્રી ભુતાભાઇ ગોતાભાઇ ડાભી; રહે. મુ. માંકવા; તા. મહેમદાવાદ; જી. ખેડા ના એ પોતાની પારીવારીક જમીન જેનો રે.સ.નં. ૭૧૫-અ ને માંકવા પંચાયત ખાતે આવેલ છે, તેમાં ખેતી

વિષયક વિજ કનેક્શન મેળવવા તા. ૨૮.૦૯.૨૦૧૨ ના રોજ રૂા. ૨૦૦/- ભરપાઇ કરી અરજી કરેલ હતી.

(૨) ફરિયાદીના પિતાશ્રી તા. ૨૬.૦૬.૨૦૧૩ ના રોજ મરણ પામેલ.

(૩) તે જ સર્વે નં. માં ધુળાભાઇ સોમાભાઇ ડાભીના નામે ગ્રાહક નં. ૦૧૩૦૪/૦૦૭૮૫/૫ થી ખેતીવાડી વીજ જોડાણ ૭.૫ હો.પા. નું હયાત છે. કંપનીના પ્રવર્તમાન સરક્યુલર નં. MGVCL/RE/Circular/205 તા. ૧૪.03.૨૦૧૩, ANC/Tech.4/ 6584 તા. 30.0૬.૨૦૧૨ તથા MGVCL/RE/402 તા. ૨૬.0૬.૨૦૧૨ માં આપેલ માર્ગદર્શન મુજબ એક જ સર્વે નંબર માં એક જ ખેતીવાડી વીજજોડાણ આપવું. જે મુજબ સર્વે બાદ તેઓની અરજી મહેમદાવાદ પેટા-વિભાગીય કચેરીના પત્ર નં. SDM/Tech/Ag/1738 તા. ૩૧.03.૨૦૧૪ દ્વારા રદ્દ કરવામાં આવેલ.

(૪) ફરિયાદીના જણાવ્યા પ્રમાણે ધુળાભાઇ સોમાભાઇ ડાભી ગ્રાહક નં. ૦૧૩૦૪/૦૦૭૮૫/૫ નું ખેતીવાડી વીજ જોડાણ સર્વે નં. ૭૧૫-બ માં આવેલ છે, જ્યારે તેઓએ ખેતીવાડી વીજજોડાણ ૭૧૫-અ માં માંગેલ છે.

(૫) ફરિયાદીએ વિનંતી કરેલ કે બંને વીજ જોડાણ અલગ-અલગ સર્વે નંબરમાં હોઇ ખેતીવાડી વીજ જોડાણ મળવું જોઇએ.

ફરિયાદી તરફે નીચે મુજબની રજુઆત કરેલ છે કે તેઓના પિતાશ્રીએ સર્વે નં. ૭૧૫-અ માં ખેતીવાડી વીજ જોડાણના જરૂરી દસ્તાવેજી પુરાવા આપી માંગણી કરેલ છે. રજીસ્ટ્રેશન તા. ૨૮.૦૯.૨૦૧૨ ના રોજ રૂ. ૨૦૦/- ભરપાઇ કરી અરજી દાખલ કરાવેલ. સર્વે બાદ તેઓની અરજી મહેમદાવાદ પેટા-વિભાગીય કચેરીના પત્ર નં. SDM/Tech/Ag/1738 તા. ૩૧.03.૨૦૧૪ દ્વારા રદ્દ કરવામાં આવેલ. ફરિયાદીના પિતાશ્રી તા. ૨૬.0૬.૨૦૧૩ ના રોજ મૃત્યુ પામેલ હોવાથી તેઓએ ૭૧૫-અ અને ૭૧૫-બ થી અજ્ઞાત હોવાથી જેમાં વીજ કનેક્શન નથી તેવા તેમના સર્વે નંબર : ૭૧૫-અ માં તેઓએ બોરવેલ બનાવેલ છે. જે બોરવેલ ઉપર ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટેની અરજી કરેલ છે તે માન્ય રાખી વીજ જોડાણ આપવા માટેની વિનંતી કરેલ.

સામાવાળા તરફથી જણાવેલ કે ફરિયાદીના પિતા શ્રી ભુતાભાઇ ગોતાભાઇ ડાભીએ સર્વે નં. ૭૧૫-અ માં ૭.૫ હો.પા.નું ખેતીવાડી વીજ જોડાણ તા. ૨૮.૦૭.૨૦૧૨ ના રોજ માંકવા ગામે ડાર્કઝોન યોજના હેઠળ જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરીને અરજી દાખલ કરાવેલ. જે અરજીના આધારે સાઇટ સર્વે કરતા સર્વે નં. ૭૧૫-અ માં ધુળાભાઇ સોમાભાઇ ડાભી ગ્રાહક નં. ૦૧૩૦૪/૦૦૭૮૫/૫ નું ખેતીવાડી વીજ જોડાણ આવેલ છે. જેથી કંપનીના પ્રવર્તમાન સરક્યુલરના માર્ગદર્શન મુજબ મહેમદાવાદ કચેરી દ્વારા ૭૧૫-અ માં ખેતીવાડી વીજ જોડાણ હયાત હોવાના કારણે ફરિયાદીને તે જ સર્વે

નંબરમાં બીજું વીજ જોડાણ મળી ન શકે તે માટે પત્ર નંબર: SDM/Tech/Ag./1738 તા. ૩૧.૦૩.૨૦૧૪ થી જાણ કરેલ છે.

ફોરમના સભ્યો દ્વારા બંને પક્ષકારોને સાંભળી સદર કેસને લગતા રેકોર્ડની ચકાસણી કરતાં માલુમ પડેલ છે કે સર્વે નં. ૭૧૫-અ માં ધુળાભાઇ સોમાભાઇ ડાભી ગ્રાહક નં. ૦૧૩૦૪/૦૦૭૮૫/૫ નું ખેતીવાડી વીજ જોડાણ સને ૧૯૯૯ થી આપેલ છે. શ્રી રમેશભાઇ ભુતાભાઇ ડાભી કે જેઓ સર્વે નં. ૭૧૫-અ અને બ થી અપરિચિત છે અને તેઓએ બોર ૭૧૫-અ માં બનાવેલ છે કે જ્યાં ધુળાભાઇ સોમાભાઇ ડાભી ગ્રાહક નં. ૦૧૩૦૪/૦૦૭૮૫/૫ નું ખેતીવાડી વીજ જોડાણ આવેલ છે. તેઓનું સંમતિપત્રકમાં પણ સર્વે નંબર: ૭૧૫-અ માટે સંમતિ આપેલ છે. તેથી બધા દસ્તાવેજી પુરાવા અને મૌખિક રજુઆતને લક્ષમાં લેતાં નવું કનેક્શન સર્વે નં. ૭૧૫-અ માં આપી શકાય નહિં.

## હુકમ

ફરીયાદી શ્રી રમેશભાઇ ભુતાભાઇ ડાભી ને હુકમ કરવામાં આવે છે કે તેઓએ તેઓના પિતાશ્રી ભુતાભાઇ ગોતાભાઇ ડાભી, રહે. મુ. માંકવા; તા. મહેમદાવાદ;, જી. ખેડાના નામે માંગેલ ખેતી વિષયક વીજ જોડાણ માટેની અરજી એમ.જી.વી.સી.એલ. દ્વારા રદ્દ કરેલ છે તે બરાબર છે.

| | | |
|---|---|---|
| (એમ. એમ. મરાઠે) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ</u>:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.